| પૂરક પ્રશ્ન ક્રમાંક | અગ્રતા ક્રમ –૦૨<br>પુરક પ્રશ્ન આપેલ ધારાસભ્યશ્રીનું નામઃ– શ્રી વિપુલકુમાર પટેલ– સોજીત્રા |
|---|---|
| પ્રશ્ન–૧ | **(1) મોડલ બાયલોઝ લાવવાનો મુખ્ય ઉદ્દેશ શું છે? (2) આ ઉદ્દેશ્યો મારફત પેક્સ કઈ રીતે મજબૂત બની શકશે?** |
| જવાબ–૧ | **(1) મોડલ બાયલોઝ લાવવાનો મુખ્ય ઉદ્દેશ**<br>• ભારત સરકારશ્રી દ્વારા નવું સહકાર મંત્રાલય ઉભું કરવામાં આવ્યું જેના દ્વારા **"સહકાર થી સમૃધ્ધિ"** અંતર્ગત ૫૪ વિવિધ પહેલો શરૂ કરવામાં આવી.<br>• આ પૈકી એક મહત્વની પહેલ પ્રાથમિક કૃષિ વિષયક સહકારી મંડળીઓ માટે મોડલ બાયલોઝ તૈયાર કરવાની હતી.<br>• રાજ્યની ૧૦, ૩૦૦ થી વધુ પ્રાથમિક કૃષિ વિષયક સહકારી સંસ્થાઓ એટલે કે પેક્સ (PACS) માં મોડલ બાયલોઝ અપનાવવાનો મુખ્ય હેતુ<br>1) ગ્રામ્ય સ્તરે કામ કરતી પેક્સને મલ્ટીપર્પઝ કામ કરતી બનાવી તેઓને આર્થિક રીતે વધુ મજબુત બનાવવાનો,<br>2) ગ્રામ્ય સ્તરે રોજગારીની નવી તકો ઉભી કરવાનો,<br>3) સમગ્ર દેશમાં તથા રાજ્યમાં આવેલ તમામ મંડળીઓના બાયલોઝ એકસમાન કરી તેઓ માટે નવી નિતી ઘડતરમાં તથા વહીવટમાં સરળતા લાવવાનો છે.<br>**(2) મોડલ બાયલોઝ દ્વારા પેક્સ વિવિધ 18 ઉદ્દેશોને લગતી ધંધાકીય પ્રવૃત્તિઓ કરી આર્થિક ઉપાર્જન કરી શકશે. આ માટે નીચે મુજબની પ્રવૃત્તિઓ હાથ ધરી શકશે.**<br>1. સભાસદોને કૃષિ અને તેના ઉત્પાદનોને લગતી પ્રવૃત્તિઓના વિકાસ માટે ટૂંકા ગાળાનું, મધ્યમ ગાળાનું ધિરાણ પુરૂ પાડશે જેથી સભાસદોને સરળતાથી ધિરાણની સુવિધા ઘર આંગણે મળી શકશે.<br>2. સભાસદોને કૃષિ વિષયક કામગીરી માટે લાંબા ગાળાની લોન પુરી પાડી શકશે.<br>3. મંડળીના કાર્ય વિસ્તારમાં તેના સભ્યોને તકનીકી અને નાણાકીય સહાય દ્વારા<br>• કૃષિ પેદાશો અને તેના ઉત્પાદનો,<br>• પશુપાલન/મત્સ્યઉદ્યોગ/ઝીંગા ઉછેર,<br>• મરઘાં ઉછેર,<br>• મધમાખી ઉછેર, રેશમ ઉત્પાદન (સેરીકલ્ચર) અને<br>• અન્ય જમીન/સમુદ્ર આધારિત કૃષિ પ્રવૃત્તિઓ અને<br>• તેમની સંબંધિત પ્રવૃત્તિઓ અને તેના પ્રોસેસિંગને પ્રોત્સાહન આપવા અને વિકસાવવાની કામગીરી કરી શકશે.<br>આમ, જે ગામમાં દૂધ કે ફિશરીઝ મંડળી નથી તે ગામમાં સેવા મંડળીના માધ્યમથી પશુપાલન તથા દૂધ ઉત્પાદનને લગતી કામગીરી પણ થઈ શકશે.<br>4. મંડળીના સભાસદોના લાભ માટે સ્થાનિક એકમો / સરકારી વિભાગો / યુનિવર્સીટીઓ / કંપનીઓ સાથે સંકલન સાધી શકશે અથવા તેની વ્યવસ્થા કરી શકશે.<br>5. સેવા અથવા વ્યવસાયિક કામગીરીઓ જેવી કે,<br>• માળખાગત વિકાસ,<br>• સામુદાયિક કેન્દ્ર, |

- હોસ્પિટલ તથા જન ઔષધિ કેંદ્ર
- શૈક્ષણિક સંસ્થાઓ
- વાજબી ભાવની દુકાન તથા
- વિવિધ પ્રકારની ડીલરશીપ જેવી કે, એલપીજી, પેટ્રોલ, ડીઝલ, ગ્રીન એનર્જી વગેરેને લગતી કામગીરી કરી શકશે.
- ખેતર અથવા ઘરગથ્થુ ઉપભોક્તા અને ટકાઉ/ફાર્મ મશીનરી, કૌશલ્ય સુધારણા માટે સભ્યોને તાલીમ આપી તેઓને આર્થિક ઉપાર્જનમાં મદદ કરી શકશે.

6. લોકર સુવિધાઓ સ્થાપિત કરી શકશે.
7. કૃષિના વિકાસ અથવા સંબંધિત કૃષિ સબંધિત વ્યવસાયને મજબૂત કરવા માટે તમામ સભ્યો અને બિનસભ્યોની સામાજીક, આર્થિક, નાણાંકીય અને વ્યવસાયીક સબંધિત માહિતી એકત્રિત કરશે.
8. કૃષિ અને સંલગ્ન પ્રવૃત્તિઓ સાથે સબંધિત આધુનિક ટેકનોલોજી અથવા વિસ્તરણ પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપશે અને વિકસાવશે.
9. તાલીમ અને ક્ષમતા નિર્માણના આયોજન દ્વારા મંડળીના સભ્યો અને કર્મચારીઓને સહકારી સિધ્ધાંતો અને મૂલ્યો વિષે શિક્ષીત કરશે.
10. નાણાકીય/બેંકિંગ સંસ્થાઓ માટે એજન્ટ અથવા બેંક મિત્ર/બિઝનેસ કોરસપોન્ડન્ટ/બિઝનેસ ફેસિલિટેટર તરીકે કામ કરી શકશે.
    જેથી નાણાંકીય લેવડ દેવડ એટલે કે ડિપોઝીટ મૂકવા, ઉપાડવાની તેમજ ઘરે બેઠા ખાતું ખોલાવવા, લોન મેળવવા વગેરે જેવી સેવાઓ ડિજિટલ માધ્યમથી સભાસદોને પૂરી પાડી શકશે.
11. સભાસદોને માઇક્રો વીમો/વીમો પૂરો પાડી શકશે.
12. સહકાર આધારીત પ્રવૃત્તિઓમાં યુવાનો અને મહિલાઓને સામેલ કરવા અંગે પ્રોત્સાહન આપશે.
13. શિક્ષણ, સ્વાસ્થ્ય, પ્રવાસન, પર્યાવરણી અને સ્થાયી વિકાસ પ્રવૃત્તિઓના ક્ષેત્રોમાં સમુદાય આધારીત સેવાઓ પ્રદાન કરી શકશે.
14. કાર્ય વિસ્તારમાં લાભાર્થીઓને પ્રત્યક્ષ લાભ હસ્તાંતરણ (ડીબીટી) મારફતે સેવાઓ પ્રદાન કરવા માટેની સરકારી યોજનાઓમાં સહભાગી થઈ શકશે.
15. સરકાર દ્વારા વિવિધ હેતુઓ માટે ઉપયોગમાં લેવામાં આવતી માહિતી / ડેટા સેન્ટરના સ્ત્રોત તરીકે કામગીરી કરશે.
16. કોમન સર્વિસ સેન્ટર તરીકે કામ કરી તેમાં આવરી લેવાયેલ તમામ સેવાઓ ઘરઆંગણે સભાસદો તથા ગ્રામજનોને પૂરી પાડી શકશે.
17. મંડળીના સભ્યોના લાભાર્થે કાર્ય વિસ્તારની અંદર અથવા બહાર માર્કેટીંગને લગતી પ્રવૃત્તિઓ હાથ ધરી શકશે.
18. જમીન, ઇમારતો, ગોડાઉન, પ્રોસેસીંગ એકમો અને અન્ય પ્રકારની આવશ્યક અસ્કયામતો ઉભી કરી શકશે.
19. ઉપરોક્ત ઉદ્દેશની પ્રાપ્તિ માટે અનુકૂળ અને આનુષાંગિક હોય તેવી અન્ય પ્રવૃત્તિઓ હાથ ધરી શકશે.